

પીએસઆઈની લેખીત પરીક્ષાના ઉમેદવારો ગાંધીનગરમાં ઉમટી પડ્યા હતા. બહારગામના હજ્જારો વિદ્યાર્થીઓ શહેરમાં આવતા એસ.ટી. ડેપો પર ભારે ભીડ સર્જાઈ હતી. એસ.ટી.એ વધારાની બસોની વ્યવસ્થા ન કરતા મુસાફરો અટવાયા હતા. વ્યવસ્થા જાળવવા પોલીસની મદદ લેવી પડી હતી.

# ભિક્ષા નહીં - શિક્ષા મંત્ર સાથે સિગ્નલ સ્કુલ પ્રોજેક્ટ અંતર્ગત વંચિત-ભિક્ષાવૃત્તિ કરતા બાળકોને શિક્ષણની સુવિધા મળતી થશે

ગાંધીનગર, તા. ૬

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદમાં ગુજરાત હાઈકોર્ટ ખાતેથી સિગ્નલ સ્કૂલ પ્રોજેક્ટનો પ્રારંભ કરાવતા આગવો લાગણીશીલ અને સમાજ પ્રેરક અભિગમ દર્શાવતા શિક્ષણથી વંચિત એક દરિદ્ર બાળકને દત્તક લઈ તેના શિક્ષણ માટેની જવાબદારી તેઓ સ્વંય ઉપાડશે એવો નિર્ધાર દર્શાવ્યો હતો.

ગુજરાત સરકાર, ગુજરાત સ્ટેટ લીગલ સર્વિસીસ ઓથોરિટી અને અમદાવાદ મહાનગરપાલિકાના મ્યુનિસિપલ સ્કૂલ બોર્ડના સંયુક્ત સહયોગથી આ સિગ્નલ સ્કૂલ પ્રોજેક્ટનો પ્રારંભ થયો છે. મુખ્યમંત્રીએ આ પ્રોજેક્ટ અંતર્ગત તૈયાર થયેલી બસોને ફ્લેગ ઓફ કરાવ્યું તે વેળાએ સુપ્રીમકોર્ટના જસ્ટિસ સર્વ એમ.આર. શાહ, બેલાબહેન ત્રિવેદી, ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટિસ અરવિંદકુમાર, વરિષ્ઠ ન્યાયાધિશ આર.એન. છાયા, એડવોકેટ જનરલ કમલભાઈ ત્રિવેદી, મનિષાબેન તેમજ કાયદામંત્રી રાજેન્દ્ર ત્રિવેદી, શિક્ષણમંત્રી જીતુભાઈ વાઘાણી અને અમદાવાદના મેયર કિરીટભાઈ સહિત પદાધિકારીઓ પણ સહભાગી થયા હતા.



ભૂપેન્દ્ર પટેલે આ સમાજ હિતકારી પ્રોજેક્ટ માત્ર અમદાવાદ મહાનગર પૂરતો સીમિત ન રહેતાં રાજ્યમાં વ્યાપક સ્તરે શરૂ થાય અને શિક્ષા-દિક્ષાથી વંચિત દરિદ્ર બાળકોને શિક્ષણ સંસ્કાર મળે તેવી સામૂહિક સમાજ જવાબદારીનું પણ આહવાન કર્યું હતું.

આ અભિગમ વંચિત દરિદ્રનારાયણ જરૂરીયાતમંદ પરિવારના બાળકના ભવિષ્યમાં શિક્ષણની જ્યોતથી નવી આશાનું કિરણ પ્રગટાવશે તેવો વિશ્વાસ તેમણે દર્શાવ્યો હતો.

રાજ્યમાં વિવિધ કારણોસર કદી શાળાએ ન ગયા હોય કે અધવચ્ચેથી શાળા છોડી ગયેલા બાળકો ઉપરાંત ચાલીઓમાં, રેલવે-બસ મથક કે અન્ય જાહેર સ્થળોએ ખુલ્લામાં સમય વેડફતા બાળકો તથા ટ્રાફિક સિગ્નલ પર ભિક્ષાવૃત્તિ કરતા બાળકો માટે ભિક્ષા નહીં શિક્ષા ધ્યેયના મંત્ર સાથે આ સિગ્નલ સ્કુલ પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યો છે.

સમાજમાં કોઈ બાળક શિક્ષણ સંસ્કારથી વંચિત ના રહે અને જરૂરતમંદ દરિદ્ર પરિવારના બાળકને વિપરીત પરિસ્થિતિમાં પણ શિક્ષણ છોડી દેવું ન પડે તે માટે આવાં સમાજહિત લક્ષી અભિગમ અને વંચિત બાળકોને દત્તક લઈને તેનામાં શિક્ષણ-કેળવણી સંસ્કાર ઉજાગર કરવાની મંત્રી ભૂપેન્દ્ર પટેલની પહેલ સમાજના અન્ય સંપન્ન વ્યક્તિઓ, દાતાઓ માટે પ્રેરણારૂપ બનશે.

શિક્ષણમંત્રી જીતુભાઈ વાઘાણીએ આ અંગેની વિસ્તૃત વિગતો આપતા કહ્યું કે, રાજ્ય વડી અદાલતના મુખ્ય ન્યાયમૂર્તિ જસ્ટિસ અરવિંદકુમારની પ્રેરણા અને માર્ગદર્શનમાં શરૂ થયેલો આ શિક્ષણ સ્કૂલ પ્રોજેક્ટ દેશના અન્ય રાજ્યો માટે પ્રેરણારૂપ બનશે.

તેમણે ચીફ જસ્ટિસ અરવિંદકુમારે બેંગ્લોર, કર્ણાટકમાં આ અભિગમ તેમના ત્યાંના કાર્યકાળ દરમિયાન અપનાવવાની પહેલ કરી હતી તેની પણ માહિતી આપી હતી. જીતુભાઈ વાઘાણી ઉમેર્યું કે રાજ્ય સરકારે પણ ગુજરાતના છેવાડાના અંતરિયાળ વિસ્તારોમાં શિક્ષણ સુવિધા આપવા સાથે આવા વંચિત બાળકોની શિક્ષા-દીક્ષા માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના દિશાદર્શનમાં સફળ પ્રયાસો ઉપાડ્યા છે.

# ‘રસોઈની રાણી’ એવા શહેરના ચક્ષુસા વત્સલ વોરા

## ગુજરાતી ન્યૂઝ ચેનલમાં છ થી સાત એપિસોડમાં આવી ચૂક્યા છે અને વિવિધ સ્પર્ધાઓમાં રસોઈની ક્રીએટીવીટી પ્રદર્શિત કરી રહ્યા છે

ગાંધીનગર, તા. ૬

ગુજરાતીઓ એટલે સ્વાદના શોખીન એવી કહેવત છે. અવનવી વાનગીઓના અવનવા સ્વાદ માણતા ગુજરાતીઓમાં ક્રીએટીવિટીનો ખજાનો ભરેલો હોય છે. અવનવી વાનગી ખાવાની સાથે સાથે અવનવી વાનગીઓ બનાવવામાં પણ ગુજરાતીઓ માહિર હોય છે. ત્યારે આજે વાત કરીએ ગાંધીનગરની રસોઈની રાણી એવા ચક્ષુસા વત્સલ વોરા...



લગ્નગ્રંથિમાં જોડાયા બાદ પોતાના સાસુ-સસરાની પ્રેરણા અને સપોર્ટથી રસોઈમાં વધુ રસ દાખવ્યો હતો. તેઓ એક જોઈન્ટ ફેમિલીમાં રહેતા હોવાથી સાસુ-સસરાને પણ આ વિષયમાં ખૂબ રસ હોવાના કારણે તેઓ આજે રસોઈની રાણી તરીકે ઓળખાય છે. તેમની રસોઈ ઝલક ગુજરાતી ન્યૂઝ ચેનલોમાં પણ આવી ગઈ છે. ઈ-ટીવી ગુજરાતીમાં પાંચ થી છ જેટલા એપિસોડ આવ્યા છે. ચક્ષુસા વોરા જેઓ આશરે ૧૦ વર્ષથી અવનવી વાનગીઓ બનાવે છે. જે ઘણી બધી સ્પર્ધાઓમાં ભાગ લઈ ચૂક્યા છે. જેવી કે ગાંધીનગરમાં યોજાતી ખાદ્ય ખોરાક, સેક્ટર-૧૭માં દર વર્ષે ભાગ લે છે અને સેક્ટર-૧૧માં રાધે સ્વીટની ઉપરના બિલ્ડીંગમાં એક રસોઈ સ્પર્ધા યોજાઈ હતી જેમાં હરપાલસિંહ શોખી આવ્યા હતા. તે સ્પર્ધામાં ચક્ષુસા વોરાની રેસીપી તેઓ લઈ ગયા હતા. જ્યોતિ મહિલા મંડળ દ્વારા યોજાતી રસોઈની સ્પર્ધામાં તેઓ ભાગ લે છે. આમ શહેરમાં યોજાતી દરેક રસોઈની સ્પર્ધાઓમાં તેઓ ઉત્સાહપૂર્વક ભાગ લે છે.

ચોકલેટની વેરાયટીઓ, ઓરેન્જની વિવિધ વાનગીઓ, લેમન સ્ટફીંગ, ફુલકંદનું સ્ટફીંગવાળી વાનગી, ઓરેન્જ પેસ્ટ, જીંજર લેમન વિગેરે જેવી ૩૦ થી વધારે વાનગીઓ બનાવી છે. જેમાંથી એક વેરાયટીને હરપાલસિંહ શોખી તેમની પાસેથી લઈ ગયા હતા. જે બીટરૂટમાંથી તૈયાર કરવામાં આવી હતી.

કોરોના કાળ હોય કે પછી ઘરમાં જરૂરી સામગ્રીઓ ન હોય તેવા સમયે પણ તેઓ પોતાની કળાથી નવી વાનગી તૈયાર કરી શકે છે. રસોઈ પ્રત્યે જે પ્રેમ છે તેને વર્ષોથી જાળવી રાખીને આ રસોઈની રાણીએ ઘણા બધાને પોતાની વાનગીના સ્વાદ ચખાડીને મંત્રમુગ્ધ કરી મુક્યા છે. ગાંધીનગરમાં તેઓ માત્ર ચોકલેટની વિવિધ વાનગી બનાવાવના ઓર્ડર લઈ રહ્યા છે. શહેરીજનો પણ તેમની વાનગીઓના સ્વાદને માણવા માટે અવારનવાર ઓર્ડરો કરી રહ્યા છે. પોતાના વ્યસ્ત જીવનમાં રહીને પણ પોતાનો આ શોખ વર્ષોથી ક્રીએટીવીટી કરી રહ્યા છે.



## મહેસાણા જિલ્લાના વસાઈ ગામમાં પંખીઘરનું ઉદ્‌ઘાટન

મહેસાણા જિલ્લાના વસાઈ ખાતે શિવરાત્રીના પાવન પર્વમાં પંખીઘરનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. સોલંકી યુગમાં નિર્માણ પામેલુ અતિ પ્રાચીન શિવાલય પાળેશ્વર મહાદેવ મંદિર વસાઈમાં આવેલું છે. ગામની ઉગમણી દિશામાં સ્મશાન વિસ્તારમાં સ્થાપિત આ શિવાલયના પ્રાંગણમાં વસાઈના મણીભાઈ જોષીએ પંખીઓના વસવાટ માટે પંખીઘરનો સંકલ્પ કર્યો હતો. જે તેમના સ્વ. પિતા રવિશંકર જોષી અને સ્વ. માતા પાર્વતીબેનના સ્મરણાર્થે પાળેશ્વરના પ્રાંગણમાં પંખીઘરનું લોકાર્પણ કર્યુ હતુ. આ પ્રસંગે ભૂતપૂર્વ ગૃહમંત્રી નરેશભાઈ રાવલ, વિજાપુરના ધારાસભ્ય રમણભાઈ પટેલ, વિજાપુર તાલુકા સદસ્ય રમેશ ચાવડા, ગામના આગેવાનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. આ પંખીઘરમાં અંદાજે ૩૫૦૦ પંખીઓ એક સાથે વસવાટ કરી શકે તેવી વ્યવસ્થા કરી છે.

# વા વાયો ને નળિયું ખસ્યું તે દેખીને કુતરૂ ભસ્યું, કોઈ કહે મેં દીઠો ચોર, બહુ થયો ત્યાં શોરબકોર

## ચિલોડા નીલકંઠ મહાદેવ મંદિરમાં નંદી દૂધ પીવે છે તેવા સમાચારથી મોડી રાત્રે લોકો જોવા ઉમટ્યાં

ચિલોડા, તા. ૬

ગાંધીનગર જિલ્લાના મુખ્ય પ્રવેશદ્વાર સમા ચિલોડા જંકશન મથક ગણાતા



મહાશિવરાત્રી પર્વની ઉલ્લાસભેર ઉજવણી કરી હતી. ત્યારબાદ તા. ૫ મી માર્ચના રોજ રાત્રે ૧૦ વાગે ચિલોડા સ્થિત નીલકંઠ મહાદેવ મંદિરમાં શિવના પ્રતિક નંદી (પોથિયો) દૂધ પીવે છે તેવા એક ભક્તે વાત વહેતી મુકતાં મોડી રાત્રે લોકો દૂધ લઈને નંદીને પીવડાવવા દોડ્યા હતાં. અમુક લોકો દૂધ અને ચમચી સાથે દૂધ પીવડાવવા પ્રયાસ કર્યો ત્યારે દૂધ પીવે છે તે સત્ય ઘટના અંગે લોકોએ સાચી હકીકત જાણવાનો પ્રયાસ કર્યો. ત્યારે લોકોમાં અનેક તર્કવિતર્કો થવા લાગ્યા હતા. આમ વા વાયોને નળિયું ખસ્યું તે દેખીને કૂતરૂ ભસ્યું (લોકો જોવા ઉમટ્યા) કોઈ કહે મેં દીઠો ચોર, બહુ થયો ત્યાં શોરબકોર (કોઈ કહે મેં દૂધ પાયું. નંદીએ પીધું) બહુ થયા ભેગા-વાત વહેતી થઈ) આમ આ ઘટનાની જાણ થતાં લોકો મોબાઈલમાં વિડીયો શુંટીગ અને ફોટા લેવા આતુર બન્યા હતા.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

# વિદ્યાર્થી જશ્નની ખુશીમાં દરિયામાં ડૂબીને મૃત્યુ પામ્યો

ભાવનગર, તા.૬

ભાવનગરના સિહોર ગામના એક આશાસ્પદ યુવકને કોઈ વિચારી ન શકે તેવુ મોત મળ્યુ હતું. યુવક વિશાખાપટ્ટનમમાં ફિટનેસ ટેસ્ટ આપવા ગયો હતો, જ્યાં તે પાસ તો થયો. પણ પાસ થયા બાદ બીચ પર ન્હાવા ગયો હતો. જ્યાં દરિયામાં ડૂબી જવાથી તેનુ મોત નિપજ્યુ હતું.

પ્રાપ્ત માહિતી અનુસાર, સિહોરના જીથરી ગામના ખીમજી મકવાણાનો દીકરો હાર્દિક મકવાણા (ઉ.વ.૨૦) નામનો યુવક વિશાખાપટ્ટનમના દરિયામાં ડૂબ્યો હતો. અમદાવાદમાં એમ.જી સાયન્સ કોલેજ ખાતે અભ્યાસ કરતો આ હાર્દિક મકવાણા નેવીમાં કરિયર બનાવવા માંગતો હતો, તેથી તે વિશાખાપટ્ટનમ ખાતે નેવીમાં ફિટનેસ અંગેની પરીક્ષા આપવા ગયો હતો. હાર્દિક મકવાણા ફિટનેસ ટેસ્ટમાં પાસ થઈ ગયો હતો. જેથી તે ખૂબ ખુશ હતો. આ ખુશીમાં તે વિશાખાપટ્ટનમના આરકે બીચમા ન્હાવા ગયો હતો.

પરીક્ષામાં પાસ થયેલા હાર્દિક ખુશ હતો. પરંતુ તેની આ ખુશી લાંબો સમય ટકી ન હતી. દરિયામાં ન્હાતા સમયે ડૂબી જતાં આ આશાસ્પદ યુવકનું મોત નિપજ્યું હતું.

## બજાર તબાહ... ● પહેલા પાનાનું ચાલુ

હુમલામાં ભંગાર બની ગઈ છે. આ તસવીર તે વાતનો પૂરાવો છે કે હુમલો કેટલો ખતરનાક હશે. કારણ કે હવે અહીં કાટમાળ સિવાય કંઈ વધ્યું નથી. રશિયાના રક્ષામંત્રાલયે કહ્યું કે, રશિયાની સેના સતત હુમલો કરી રહી છે. યુક્રેનની એસ-૩૦૦ એર ડિફેન્સ સિસ્ટમને તબાહ કરી દેવામાં આવી છે. સાથે રશિયાએ દાવો કર્યો કે, સૈન્ય અભિયાન દરમિયાન યુક્રેનના ૨ ૨૦૩ સૈન્ય ઠેકાણાને ઉડાવી દેવામાં આવ્યા છે. રશિયાના રક્ષા મંત્રાલયે જણાવ્યું કે છેલ્લા એક દિવસમાં યુક્રેનના જિટોમિર ક્ષેત્રમાં ચાર જે-૨૭ અને એક મિગ-૧૯ વિમાન, રેડોમિશલ ક્ષેત્રમાં જે-૨૭ અને જે-૨૫ વિમાનનો નાશ કર્યો છે. સંયુક્ત રાષ્ટ્રએ જણાવ્યું કે, યુદ્ધ જરમિયાન અત્યાર સુધી યુક્રેનથી ૧૫ લાખ લોકોએ દેશ છોડી અન્ય દેશોમાં આસરો લીધો છે. મોટાભાગના લોકોએ પોલેન્ડ અને રોમાનિયાની વાટ પકડી છે. યુદ્ધના ૧૧માં દિવસે કીવના બહારના વિસ્તાર ઈરપિનમાં ઘુસી રશિયન સેના, ખારકીવમાં સતત બોમ્બ વર્ષા. મોરિયૂપોલ અને વોલ્નોખાવામાં આજે ફરી સીઝફાયર. રાષ્ટ્રપતિ ઝેલેન્સ્કીએ શનિવારે અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઈડેન સાથે ફોન પર વાત કરી છે. યુક્રેનના રાષ્ટ્રપતિએ જાહેરાત કરી છે કે તેમણે રશિયા વિરુદ્ધ નાણાકીય સહાયતા અને પ્રતિબંધો પર ચર્ચા કરવા માટે અમેરિકી રાષ્ટ્રપતિ બાઈડેન સાથે વાત કરી છે, કારણ કે તેમનો દેશ રશિયન સૈનિકો તરફથી ગંભીર હુમલાનો સામનો કરી રહ્યો છે.

## નો ફ્લાય ઝોન... ● પહેલા પાનાનું ચાલુ

લો તે દેશમાં લગાવવામાં આવે છે જ્યાં બહારથી હુમલો થાય છે. તેમણે કહ્યું કે, રશિયામાં આવી કોઈ સ્થિતિ નથી અને અમે આશા કરીએ કે આવી સ્થિતિ ન આવે.

ઈઝરાયલી પ્રધાનમંત્રી નફ્ટાલી બેનેટ યુક્રેન અને રશિયા વચ્ચે ચાલી રહેલા યુદ્ધને રોકવા ઈચ્છે છે. તેઓ શનિવારે રાત્રે અચાનક મોસ્કો પહોંચ્યા અને અહીં તેમણે રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન સાથે અઢી કલાક વાત કરી હતી. તેમણે યુદ્ધ રોકવા માટે મધ્યસ્થાની રજૂઆત કરી છે. મહત્વનું છે કે યુક્રેન પર રશિયા સતત હુમલા કરી રહ્યું છે. એક બાદ એક અન્ય પ્રદેશોમાં કબજો કરી રહ્યું છે. બેનેટના કાર્યાલયે બંને નેતાઓની રશિયન રાષ્ટ્રપતિ કાર્યાલયમાં થયેલી મુલાકાતની પુષ્ટિ કરી છે. આ મુલાકાત બંને નેતાઓ વચ્ચે ફોન પર થયેલી વાતચીત બાદ થઈ છે. આ મુલાકાતને ખુબ મહત્વની માનવામાં આવી રહી છે. હકીકતમાં ઈઝરાયલે રશિયાના હુમલાની નિંદા કરી હતી અને તેણે યુદ્ધ રોકવાની અપીલ કરી હતી.

## વાહનોનો ખડકલો... ● છેલ્લા પાનાનું ચાલુ

આવતી નથી. શહેરમાં વધતા વાહનોની સંખ્યાની સાથે પર્યાપ્ત પાર્કીગ વ્યવસ્થાનો ભારોભાર અભાવ વર્તાય છે. ત્યારે સ્માર્ટ સીટી અન્વયે શહેરમાં જાહેર સ્થળો, સરકારી કચેરીઓ અને કોર્મશિયલ વિસ્તારમાં પાર્કીંગની વ્યવસ્થા ગોઠવાતી નથી અને આ મામલે પાર્કીંગ યોગ્ય રીતે થાય તે માટે પણ કોઈ કાર્યવાહી થતી ન હોવાથી આમ નાગરિકો માટે મુંઝવણ ઉભી થઈ છે.

## જોખમી આવાસો... ● છેલ્લા પાનાનું ચાલુ

કક્ષાએથી આવાસો ફાળવી શકાય તેમ પણ નથી આ પૈકી મોટાભાગના આવાસો તોડવા માટે તબક્કવાર વિભાગ કક્ષાએથી મંજુરી અપાયા બાદ કામગીરી હાથ ધરવામા આવી રહી છે. શહેરમાં જુના મકાનો તોડવાની સાથે જગ્યા ખુલ્લી થયા બાદ નવા મકાનો બાંધવા માટે પણ આયોજન કરવામાં આવનાર છે. જો કે હાલની સ્થિતિએ ખુલ્લી જગ્યાનો સર્વે હાથ ધરાયા બાદ પણ લાંબા સમયથી નવા આવાસો બાંધવાની સાઈટ આખરી થતી નથી જેના લીધે આવાસ નિર્માણની જાહેરાત બાદ પણ હજુ સુધી ઝડપથી નવા આવાસો બાંધવાનુ કામ હાથ ધરવામાં આવ્યુ નથી હાલ સે-૨૯ અને સે-૬ માં નવા આવાસો બાંધવાની કામગીરી ચાલી રહી છે. જો કે આ કામ પુર્ણ થતા હજુ પણ સમય લાગે તેમ છે.